## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




જે લોકો હિન્દુ નવા વર્ષમાં સુધરી ન શક્યા હોય તેમને... ઈશુના નવા વર્ષે સુધરવાની તક ફરી આવી છે...!!!

## આજે ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજની બેઠક

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજ ગાંધીનગરની જાન્યુઆરી માસની કાર્યવાહક સમિતિની માસિક બેઠક તા. ૨જી જાન્યુઆરીના ગુરુવારના રોજ પ્રમુખ ડાહ્યાભાઈ પ્રજાપતિના અધ્યક્ષસ્થાને સાંજે ચાર વાગે સ્વસ્તિક કોમ્પ્લેક્ષ બીજે માળે સેક્ટર-૨૨ ખાતે યોજાશે તેમ પ્રવર મંત્રી રમણલાલ શ્રીમાળીએ જણાવી સૌ સભ્યોને આ બેઠકમાં ઉપસ્થિત રહેવા અનુરોધ કર્યો છે.




લાયોનેસ કલબ ગાંધીનગર દ્વારા સરકારી શાળા, બોરીજ ખાતે ૪૦૦ જેટલા વિદ્યાર્થીઓ સાથે નાતાલની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં ૪૦૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં ધો-૭ના વિદ્યાર્થીઓને ઈંગ્લીશ ગ્રામરની બુકનું અનુદાન, સાથે દરેક વિદ્યાર્થીઓને ચોકલેટ આપી નવા વર્ષની શુભકામના પાઠવવામાં આવી હતી. આ કાર્યક્રમમાં સંસ્થાના પ્રમુખ દક્ષા જાદવ, પૂર્વ પ્રમુખ વૈશાલીબેન જોષી, સેક્રેટરી રીટા શાહ, મીતલ રાણા તથા સ્વાતી ગોરે ઉપસ્થિત રહી સહયોગ પૂરો પાડયો હતો.

## જીકે-આઈક્યૂ સ્કૉલરશીપ પરીક્ષામાં મોહિબ અંસારી જિલ્લામાં અવ્વલ



ગાંધીનગર, તા. ૧

વિકાસ વર્તુળ ફાઉન્ડેશન, ભાવનગર દ્વારા આયોજિત રાજ્ય સ્તરની જીકે-આઈક્યૂ સ્કોલરશીપ એક્ઝામનું પરિણામ તાજેતરમાં જાહેર થયું છે, જેમાં ગાંધીનગર ખાતે સેક્ટર-૨૧માં સ્થિત માઉન્ટ કાર્મેલ શાળાના વિદ્યાર્થી મોહિબઅહેમદ બી. અંસારીએ સમગ્ર જિલ્લામાં પ્રથમ સ્થાન મેળવી સ્કૉલરશીપ પ્રાપ્ત કરી છે. મોહિબને આ સિદ્ધિ બદલ સ્કૂલનાં આચાર્ય સિસ્ટર જેનીફરે બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.

## મિશન અંત્યોદયની કામગીરીના મૂલ્યાંકન માટે કેન્દ્રની ટીમના ગાંધીનગરમાં ધામા

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર જિલ્લામાં અંત્યોદય સર્વેની ચાલી રહેલી કામગીરીના મૂલ્યાંકન માટે કેન્દ્ર સરકારની એક ટીમ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારો ખુંદી રહેલ છે. મિશન અંત્યોદય યોજના અંતર્ગત જીપીડીપીની ગ્રામસભાનું આયોજન તેમાં થયેલી કાર્યવાહીની ચકાસણી પણ કેન્દ્ર સરકારની આ ટીમ કરી રહી છે. આ ટીમ ગાંધીનગર જિલ્લામાં ૪ જાન્યુઆરી સુધી રોકાવાની છે તેણે ઉવારસદ સહિત ૪ થી વધુ ગામોની મુલાકાત પુરી કરી લીધી છે. આ ટીમ પોતાનો અહેવાલ સીધો કેન્દ્ર સરકારના ગ્રામીણ વિકાસ મંત્રાલયને આપશે તેમ જાણવા મળેલ છે.




ગાંધીનગર તાલુકાના ગિયોડ ગામે મહિલાઓ માટે પશુપાલન અંગે આવકની વૃદ્ધિ કેવી રીતે થઈ શકે અને પશુપાલનની આધુનિક પદ્ધતિઓની સમજ આપવા માટે યોજાયેલ સેમિનારનું ઉદઘાટન જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી મંગુબેન પટેલ, જિલ્લા વિકાસ અધિકારીશ્રી આર. આર. રાવલ, ધારાસભ્ય ડૉ. સી. જે. ચાવડા તથા તાલુકા પંચાયતના સદસ્યશ્રી અને અન્ય આગેવાનોની હાજરીમાં થયું તે પ્રસંગની તસવીર.

## ચિલોડા-શિહોલી ગૃપ માધ્યમિક શાળા ખાતે રમતવીરોને સ્પોર્ટસ કીટ-સાઉન્ડ સિસ્ટમ અર્પણ




ચિલોડા, તા.૧

ગાંધીનગર તાલુકાના મોટા ચિલોડા સ્થિત ચિલોડા શિહોલી ગ્રુપ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા ખાતે પૂર્વ જિલ્લા પંચાયત સદસ્ય અને ભાજપના અગ્રણી લલિતસિંહ ઠાકોરના અધ્યક્ષસ્થાને ખેલ મહાકુંભ વિજેતા રમતવીરોને સન્માનવાનો અને ભેટ અર્પણ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં શાળાના ૫૦ ખેલાડીઓને ખેલકુદ રમત ગમતમાં ભાગ લેવાનો ખાસ ગણવેશ-સ્પોર્ટસ કીટ (ટ્રેક શુટસ) દાતા લલિતસિંહ ઠાકોર તરફથી ભેટ થતા ચિલોડા સેવા સહકારી મંડળી તરફથી શાળાના આધુનિક સાઉન્ડ સીસ્ટમ સાધન અર્પણ કરવામાં આવ્યા હતા. આ સાથે ખેલ મહાકુંભમાં વિજેતા ખેલાડીઓને પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યા હતા.

આ કાર્યક્રમમાં ચિલોડા ગ્રામ પંચાયતના ઉપસરપંચ જયંતિભાઈ જી. પટેલ, મંડળીના મંત્રી જયંતિભાઈ જે. પટેલ, નટુભાઈ પટેલ, શાળાના ટ્રસ્ટી શામળભાઈ પટેલ, રામાભાઈ પટેલ, શાળાના આચાર્ય રમેશભાઈ માકાણી, શાળા પરિવારના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. અધ્યક્ષ સ્થાનેથી લલિતસિંહ ઠાકોર અને અતિથિ પદેથી નટુભાઈ પટેલે ધો-૧૦ અને ધો-૧૨ના વિદ્યાર્થીઓ આગામી બોર્ડની પરીક્ષામાં ઉચ્ચ ગુણાંક સાથે ઉત્તીર્ણ થવા માટે પ્રોત્સાહક યોજનાની જાહેરાત કરી હતી. અંતમાં આભારવિધિ સિનિયર શિક્ષક અરવિંદભાઈ દવેએ કરી સૌનો આભાર માન્યો હતો.


સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

# RTOની કામગીરીમાં પારદર્શિતા અને સરળતા લાવવા

## ગુજરાત સરકારની સફળ પહેલ

**RTOના કામકાજને ભ્રષ્ટાચારમુક્ત અને સુવિધાજનક બનાવવા સરકારે લીધેલા મહત્વના પગલાં**

R T O

**R — સરકારનો ૧૬ ચેકપોસ્ટ નાબૂદીનો ઐતિહાસિક નિર્ણય**

સરકારના વિશ્વાસને મળ્યો, વાહનચાલકોની પ્રમાણિકતાનો સાથ

- OSD મોડ્યૂલ દ્વારા વેરા દંડ વગેરે ઓનલાઇન ભરવાની "**પીપલ્સ ફ્રેન્ડલી**" વ્યવસ્થાનો અમલ
- **જનતાએ સરકારના વિશ્વાસનો આપ્યો જબ્બર પ્રતિસાદઃ** ચેકપોસ્ટ નાબૂદી પછી પણ આવકમાં ૧૯ ટકા જેટલો માતબર વધારો નોંધાયો
- વર્ષ ૨૦૧૮ માં ૨૦ નવેમ્બર થી ૯ ડિસેમ્બર વચ્ચે ચેકપોસ્ટની કુલ આવક ૨૦.૮૬ કરોડ હતી જે વર્ષ ૨૦૧૯માં ૨૦ નવેમ્બરથી ૯ ડિસેમ્બર વચ્ચે ચેકપોસ્ટની કુલ આવક વધીને ૨૪.૮ કરોડ ઉપર પહોંચી
- દર વર્ષે ૯૦ લાખ વાહનો ચેકપોસ્ટ પરથી પસાર થતા હતા તેના ઇંધણની બચત થઈ રહી છે
- ચેકપોસ્ટ પર વાહનોની લાંબી કતારો હવે ભુતકાળ બની
- પ્રદૂષણમાં ઘટાડાનું વધુ એક છોગું ઉમેરાયું
- ઓનલાઇન પેમેન્ટની સુવિધા ઉપલબ્ધ થવાથી ભ્રષ્ટાચાર ઉપર લગામ કસાઇ અને વાહન ચાલકોની હેરાનગતિનો આવ્યો અંત

**T — RTO ની સુવિધાઓ હવે ઓનલાઈન**


કચેરીના ધક્કા થયા બંધ, હવે ઘરે બેઠા મળી રહી છે સેવાઓ

- વાહનોની નોંધણી, ફેન્સી નંબર, સ્પેશિયલ પરમિટ, વાહનોનું એન.ઓ.સી. અને ફી ની ચૂકવણી જેવી સુવિધા ઓનલાઇન ઉપલબ્ધ હતી જેમાં ૨૫ લાખ લોકોને સેવાનો લાભ મળતો હતો
- આ ઉપરાંત અન્ય ૭ સેવાઓ જેવી કે ડ્રાઇવિંગ લાઇસન્સનું રિન્યુઅલ, ડુપ્લિકેટ ડ્રાઈવિંગ લાઈસન્સ, ડુપ્લિકેટ આર.સી, હાઇપોથીકેશન રિમુવલ અને વાહન લાઈસન્સની માહિતી ઓનલાઇન જેનાથી ૧૭.૫૦ લાખ લોકોને મળશે લાભ
- ૪૨.૫ લાખ લોકોને આર.ટી.ઓ. કચેરીના ધક્કા ખાવાથી મળશે મુક્તિ

**O — લર્નિંગ લાઈસન્સ હવે ITI માંથી**

કલાકોની લાઇનોમાંથી છુટકારો, હવે માત્ર ગણતરીની મિનિટોમાં લર્નિંગ લાઈસન્સ

- લર્નિંગ લાઇસન્સ માટે આર.ટી.ઓ. કચેરી પર લાગતી લાંબી લાઈનોનો યુગ સમાપ્ત થયો
- **૩૫ આર.ટી.ઓ. કચેરીઓની જગ્યાએ હવે ૨૨૧ આઈ.ટી.આઈ. અને ૨૯ પોલિટેકનિકમાં લર્નિંગ લાઈસન્સની નવતર સુવિધાનો આરંભ**
- ૮ લાખ લોકોને આ સુવિધાનો મળશે લાભ



## નિર્ણાયક નેતા, મજબૂત સરકાર

વાહન ચાલકોનો સમય, શક્તિ અને નાણાનો બચાવ એ જ રાજ્ય સરકારની પ્રાથમિકતા છે

- શ્રી નીતિનભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી, ગુજરાત

Z માહિતી ૨૦૧૯-૨૦ (૬૨)